DIVYA BHASKAR, Ahmadabad, 26.10.2020
Page No. 2, Size:(2.96)cms X (9.00)cms.

# બુલેટ ટ્રેનની ડક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ - મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભાગરૂપે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે સાબરમતીથી વટવા સુધીના 18 કિલોમીટર રૂટ પર વાયડક્ટની સાથે સાબરમતી સ્ટેશન અને અમદાવાદ સ્ટેશનના નિર્માણ અને ડિઝાઈન માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાઈ છે. આ રૂટ પર 6 સ્ટીલ બ્રિજની સાથે 31 ક્રોસિંગ બ્રિજ પણ તૈયાર કરાશે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભાગરૂપે સાબરમતી ખાતે ધર્મનગર અને જેલ રોડ સ્ટેશન વચ્ચે સાબરમતી સ્ટેશન તૈયાર કરાશે. બુલેટ ટ્રેન સ્ટેશન ઉપરાંત રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન તેમજ એસટી સ્ટેશન સુધી આવવા જવા માટે એનએચએસઆરસીએલ મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ તૈયાર કરાઈ રહ્યાં છે.